રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અફવાથી છાપું ભરવાનું ચાલ, નયન એક ચા મંગાવ
આજ નથી કંઈ બનવાનું ચાલ, નયન એક ચા મંગાવ
એક નદી તરસી હાલતમાં ઉમ્બરલગ આવી શું કામ ?
પંચ નથી કોઈ નીમવાનું ચાલ, નયન એક ચા મંગાવ
હાથ સૂરજનો બારીના સળિયા પાછળ કે, સાંજ પડી
દિનભરના તડકા ભૂલવાનું ચાલ, નયન એક ચા મંગાવ
શહેર છે આખું મૂર્છિત હાલતમાં ગંદી કોઈ નાળીમાં
બોમ્બ ફૂટ્યાવીણ એ ઊઠવાનું ચાલ, નયન એક ચા મંગાવ
આમ સતત પડછાયામાં વહેંચાઈ જવાનો મતલબ બોલ !
કેમ દીવાલોમાં ઊગવાનું ? ચાલ, નયન એક ચા મંગાવ

- નયન હ. દેસાઈ

પાથેય

મૂર્છિત જગતની સંજીવની...

ચા જેવું લોકપ્રિય પીણું દુનિયામાં શોધ્યું નહીં મળે. ઈસ્ટ હોયા વેસ્ટ ચાઈ ધ બેસ્ટ.એણે ભૌગોલિક સીમાડાઓ અતિક્રમીને જગતભરમાં પગ પેસારો કરી દીધો છે.ચા એક હાથવગું પ્લેટફોર્મ છે આપસી લાગણીસંચાર માટે..સાથે ચા પીનાર હંમેશાં યાદ રહી જતા હોય છે..

ચા એટલે જાણે ચાહત..દુનિયામાં આટલું લોકપ્રિય પીણું કદાચ બીજું કોઇ નહીં હોય..હમણાં રાધનપુર અને આસપાસના ગામોમાં સતત વિહરવાનું થયું..અને લોકો પ્રેમથી ચા માટે કહે ત્યારે ના કહેવી મુશ્કેલ હતી..અહીં ' ચા પીધો ' એમ પુરૂષવચનમાં બોલાય છે..બાકી ગુજરાતમાં 'ચા પીધી' એમ બોલાય છે..રાધનપુર લોહાણા બોર્ડિંગમાં ત્રણેક દાયકા પહેલાં અમને સવારે ચા ને બદલે દુધ મળતું..પછી અમે અમારી રીતે બહાર ચા પીવા જતા જયાં ત્રીસ પૈસામાં આખો કપ ચા મળતી..જયાં ચા પીતા એનું નામ હતું 'ટનાટન ચા સેન્ટર' ..ટનાટનની ચા ફેમસ હતી.. મિત્રો સાથે મુફલીસી માણવાનો એ જમાનો જુદો હતો..

અમદાવાદ માં એક જમાનામાં 'લકી' ની ચા પીવાનો ક્રેઝ હતો..ગાંધીનગરમાં મીનાબજારની ચાનો અલગ અંદાજ છે..દરેક શહેરમાં એકાદ બે આવી ફેમસ કીટલીઓ હોય છે..અમદાવાદમાં તો કીટલી સર્કલ નામે જાણીતો રોડ છે..હમણાં રાજકોટની 'ખેતલા આપા ચા 'ની ધૂમ છે...ચા એ મિત્રો સાથે પીવાની મજા છે.. ટેબલ ઉપર સજાવટ સાથે કપમાં મુકાતી ચામાં એટલી મજા આવતી નથી..એક જમાનામાં દુધ વગરની ચા જેને કાહવો કહેવાય એ પણ વિકલ્પ હતો ..વાઘ અને બકરી એકસાથે એક જ કપમાં પી શકે એવું આ મજેદાર પીણું છે.

અમારા ગામ કામલપુર ગામમાં તાંસળીમાં ચા પીવાતી .. પિત્તળ કે સ્ટીલની રકાબી સુખી ઘરોમાં જ જોવા મળતી...ચિનાઈ માટીના કપ રકાબી તો ઘણા મોડા આવ્યા..ચા પીવાની એક માનસિકતા હોય છે..કોઈ માણસ સવારમાં વિલાયેલો જોવા મળે તો કહેવાતુ "ચા ઉગી નથી લાગતી! ' ચા જયારે ઉગે છે ત્યારે તાજગીનાં કણસલાં ચહેરા ઉપર લહેરાય છે...

ચા અને ચાહને સીધો સંબંધ છે...મુળ એ વિદેશી પીણું છે. ઇ.સ.પુર્વે ચીનના વેપારીઓ એને ભારતમાં લાવ્યા..શેન નુન્ગ નામે ચીનનો શાસક એનો જન્મદાતા ગણાય છે..ઇ.સ.૧૪૦૩માં એ જાપાનમાં લોકપ્રિય બની..ભારતમાં એ આસામમાંથી પ્રવેશી...પણ ચા નો વિશ્વકક્ષાએ ડંકો વગાડયો સર થોમસ લિપ્ટને સત્તરમી સદીમાં..લિપ્ટનની ચા એ પર્યાયરૂપ બની ગઇ.

સુરતના એ વખતના(૧૫૮૫થી ૧૬૮૦)ગુજરાતી બાહોશ વેપારી વીરજી વોરા એ આખા દેશમાં ચા ના ધંધામાં ડંકો વગાડી દીધો હતો..ઈસ્ટ ઈન્ડિયા કંપની અને મુઘલ શાસકો વીરજી શેઠ ને ભરપુર માનપાન આપતા..(આ છે ગુજરાત ની અસ્મિતા) સુરતના એ વખતના અંગ્રેજ રેસીડન્ટ જયોર્જ ઑકસીડન્ટે ઇ. સ.૧૬૨૨માં એમની પ્રશસ્તિ કરતાં લખ્યું છે **"Veerji is quick and resourceful.. his brain has the highest cash value in moghul empire.."** આમ વીરજી શેઠના સામ્રાજ્ય થી શરૂ થયેલ ચા આજે તો ગુજરાતી ઘરઘરમાં આપ્તજન બની ગઇ છે..એને ટકકર આપે એવું કોઇ પીણું નથી.એની સહોદર કોફીને ગણાય,પણ તોય ચા તો ચા જ છે...

અમેરિકા છોડીને અમદાવાદમાં ગરીબ બાળકો સાથે જીવતા નિમેષ પટેલ

ભારતના યુવાનો અમેરિકા ભણવા જવાનું સ્વપ્ન જુએ. ત્યાં ભણે અને પછી સ્થાયી થવા મથે. નિમેષ પટેલ નામના એક યુવકે આનાથી સાવ જ ઊંધું કર્યું છે. તેમનાં માતાપિતા વર્ષોથી અમેરિકા (લૉસ ઍન્જલસ)માં સ્થાયી થયાં છે. નિમેષભાઈનો જન્મ-ઉછેર-શિક્ષણ બધું અમેરિકામાં. માર્કેટિંગ મૅનેજમેન્ટમાં સરસ રીતે ભણ્યા પછી તેમને સારા પગાર સાથે નોકરી પણ મળતી હતી. જોકે હૃદય ના પાડતું હતું. આવ્યા ભારત. મિત્રો સાથે હિપહોપ મ્યુઝિક માટે 'કર્મશી' નામનું ગ્રુપ બનાવ્યું. પુણેમાં ઍનિમેશન સ્ટુડિયો કર્યો. તેમની સર્જનાત્મકતાથી સફળતા મળી, પણ દિલ કંઈક જુદું જ કહેતું હતું. આવ્યા અમદાવાદ. ગાંધી આશ્રમમાં માનવસાધનાની ચાલતી પ્રવૃત્તિઓ સાથે જોડાયા. સફાઈ કામદારનાં બાળકો અને ગરીબ બાળકો સાથે કામ કરવાનું શરૂ કર્યું. આઠ વર્ષથી તેઓ કામ કરી રહ્યા છે. આવાં બાળકોને તાલીમ આપીને તેમને લઈને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ તૈયાર કરે છે. ગરીબ બાળકોને લઈને વિશ્વના ઘણા દેશોની સાંસ્કૃતિક ટૂર પણ કરી છે. તેમણે એક વર્ષની જહેમત કરી, ગરીબ અને તકવંચિત બાળકો સાથે તૈયાર કરેલો એકત્વ નામનો શો ખૂબ જ વખણાયો હતો.

નિમેષભાઈ અચ્છા ગાયક છે અને તેમનાં ઘણાં મ્યુઝિક આલબમ પણ રજૂ થયાં છે. એમ ટીવી પર તેમના કાર્યક્રમો આવે છે.

એક સાદા ફ્લૅટમાં સાદું જીવન જીવતા નિમેષભાઈ દૂધની કોઈ બનાવટ લેતા નથી. કોઈ મોજશોખ નથી. ગરીબ બાળકો સાથેનો તેમનો ગહન અને આત્મીય નાતો તેમને જીવવાની ઊર્જા આપે છે.

(તસવીરમાં નિમેષભાઈ સેલ્યુટ ઇન્ડિયા એનઆરઆઇ એવોર્ડ સાથે.)

●●●

પહેલું કિરણ
રમેશ તન્ના

નિમેષભાઈ પટેલ, આપને તેમનો પરિચય થશે તો એવું લાગશે કે બધા કરે તેનાથી આ યુવાન સાવ જ ઊંધું કરી રહ્યો છે.

ભારતનો કોઈ પણ યુવાન હોય તો ભણીગણીને અમેરિકા જેવા દેશમાં કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જોતો હોય. એ માટે થાય તેટલા બધા જ પ્રયાસો પણ કરતો

હોય. આપણા આ નિમેષભાઈ તો જન્મ્યા જ અમેરિકામાં. તેમનાં માતા-પિતા અમેરિકામાં સ્થાયી થયેલા. નિમેષભાઈ અમેરિકામાં ભણ્યા, સરસ નોકરી મળી, પણ...

આજકાલ તેઓ શું કરે છે?

અમદાવાદના ગાંધી આશ્રમના પરિસરમાં આવેલી માનવસાધના સંસ્થા સાથે જોડાઈને તેઓ ઝૂંપડપટ્ટીનાં બાળકો સાથે અલગ અલગ પ્રકારનું ઘણું કામ કરી રહ્યા છે. આજકાલના નહીં, છેલ્લાં છ વર્ષથી તેઓ બાળકો સાથે કળા અને જીવનની ઘણી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને મન અને આત્માને પૂર્ણ સંતોષ થાય તેવું ભર્યું ભર્યું જીવન જીવી રહ્યા છે. તેમનો પરિવાર અમેરિકાના લૉસ ઍન્જલસમાં વસે છે. નિમેષભાઈ માર્કેટિંગ મૅનેજમેન્ટમાં સરસ રીતે ભણ્યા, પછી ન્યુ યૉર્કમાં સારા પૅકેજ સાથે તેમને નોકરી પણ મળી ગઈ. તેમણે ! નામનું ગ્રુપ બનાવ્યું. આ મ્યુઝિક ગ્રુપ ખૂબ લોકપ્રિય થયું. મિત્રો સાથે મળીને બનાવેલુ 'બદમાશ' નામનું પૉર્ટલ પણ તેની સર્જનાત્મકતાને કારણે લોકોને ખૂબ પસંદ આવ્યું. તેમણે હમણાં એમ્પ્ટી હૅન્ડ (ખાલી હાથ) નામનું ગીતોનું આલબમ રજૂ કર્યું છે, જે ખૂબ જ જાણીતું થયું છે. તેમનાં અનેક ગીતોએ એમ ટી.વી. ઉપર ધૂમ મચાવી હતી. તેઓ સમગ્ર વિશ્વમાં કાર્યક્રમો આપવા જાય છે. એ કહેવાની જરૂર નથી કે તેમનો હેતુ પૈસા કમાવાનો બિલકુલ નથી.

અમેરિકાથી તેઓ ભારત આવ્યા અને પુણેમાં મિત્રો સાથે ઍનિમેશન સ્ટુડિયો બનાવ્યો, પરંતુ સંતોષ થતો નહોતો. છેવટે તેઓ અમદાવાદમાં આવી ગયા અને બાળકો સાથે મળીને ખૂબ જ સુંદર કામ કરી રહ્યા છે. તેમણે ગરીબ અને ઝૂંપડપટ્ટીના બાળકોની સાથે એક વર્ષ તૈયારી કરીને નિર્માણ કરેલો 'એકત્વ' નામનો શો ખૂબ વખણાયો. સમગ્ર વિશ્વના અનેક દેશોમાં આ શો લઈને તેઓ ગયા. સાદું જીવન જીવતા નિમેષભાઈ આજના યુવાનો માટે બહુ મોટી પ્રેરણા છે.

મિત્રોને નવાઈ લાગશે, પરંતુ અમદાવાદ અને ગુજરાતમાં આવા તો ઘણા મૂળ ભારતીય હોય અને તેમનો પરિવાર વિદેશમાં હોય તેવાં યુવક અને યુવતીઓ સમાજસેવા કરી રહ્યાં છે.

(૧૩મી જાન્યુઆરીના રોજ તેઓ સૅલ્યુટ ઇન્ડિયા એનઆરઆઇ ઍવૉર્ડ સ્વીકારવા આવ્યા ત્યારે, પાછળની હરોળની ખુરશીમાં ધ્યાન ધરવા બેસી ગયા હતા.)

અમદાવાદના ગાંધી આશ્રમ સામે આવેલા એક સાવ સાદા ફ્લૅટમાં રહીને, ઓછામાં ઓછી જરૂરિયાતો સાથે જીવતા નિમેષભાઈ જ્યારે બાળકો સાથેના પોતાના અનુભવોની વાત કરે ત્યારે ખૂબ જ પ્રસન્ન થઈ જાય. એકત્વના શો માટે તેમણે બાળકોને શોધવામાં જ એક વર્ષનો સમય લીધો હતો. બાળકો સાથેના જીવનલક્ષી અનુભવો સાંભળીને આપણને પણ ઘણો આનંદ થાય. સફાઈકામદારનાં બાળકોને લઈને તેઓ દેશ-વિદેશમાં ગયા ત્યારે તેમને થયેલા અનુભવો ખરેખર હૃદયસ્પર્શી હતા.

ભારત સમગ્ર વિશ્વમાં સૌથી યુવા દેશ છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર કહે છે કે આ બાબત ભારત માટે મોટી મૂડી છે અને જમા પક્ષે છે. તેમની વાત સાચી છે, પરંતુ આપણો યુવાન જો નિમેષભાઈની જેમ માનવતા માટે સંવેદનશીલ થાય તો મોટું કામ થાય.

અનુભવ છે દરિયાના તોફાનો, પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે

યમદૂતોએ
ટોળે વળી વિચાર્યું રજા રાખીએ
ધરતી પર
આનંદ ઉલ્લાસની
ક્ષણો આપીએ
થયો હુકમ યમરાજનો, પૂરો
કરો લક્ષ્યાંક થયો વિસ્ફોટ
આતંકી, ટોળાં મધ્યે, પૂરો લક્ષ્યાંક.
- તુષાર વૈષ્ણવ

આજનો આ યુગ ટાર્ગેટ પૂરા કરવાનો યુગ છે. દરેકને પોતાને આપેલો ટાર્ગેટ પૂરો કરવાની ઉતાવળ છે. ચારેબાજુ બધા જ જાણે કંઈ જ જાણ્યા-સમજ્યા વિના જ એક ગાડરિયા પ્રવાહની માફક દોડ્યા જ કરે છે! અને આ બધાની વચ્ચે-વચ્ચે આતંકવાદ, વાદ-વિવાદ, કોઈ બાબત પ્રત્યે રોષ પ્રગટ કરવા માટે મોરચા અને રેલીઓ યોજાવી, હુલ્લડ થવા આ બધું અચાનક જ આવી જાય અને નીચું જોઈને માત્ર કામ કરનારા એક ગાડરિયા પ્રવાહ જેવો જ આ અન્ય એક સમૂહ પણ ગાડરિયા પ્રવાહમાં જ અન્ય દિશામાં ગતિમાન રહેતો હોય છે ! કુદરતી તકલીફો કે અચાનક આવી પડેલી મુસીબતોનો તો આપણે સામનો કરી પણ લઈએ પણ અહીં પ્રશ્ન માનવસર્જીત સમસ્યાઓનો છે. આ પ્રશ્નોને કઈ રીતે મૂલવવા? ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

'અનુભવ છે દરિયાના તોફાનો,
પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે.'

આપણો આ દેશ ઋષિમુનિઓ અને સંતોની પાવનભૂમિ છે. ભારત દેશમાં ઋષિમુનિઓ અને સાધુપુરષો ક્ષમાભાવ માટે અને તપોબળ માટે ઘણા પ્રચલિત રહ્યા છે. તો આવી આ ક્ષમાવીરોની તપોભૂમિમાં આજે નાની- નાની બાબતોમાં કોમી રમખાણો ફાટી નીકળે અને લોકો એકબીજાને મારવા માટે લોહી તરસ્યા બની જાય એ કેટલું વ્યાજબી ગણાય? શબ્દો ઘાતક છે, અને શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે. લોકો ભાવનાઓને અને લાગણીઓને ભૂલીને નામ જ જુએ છે. ભગવાનના ઉપાસક બનવાને બદલે ભગવાનના નામના ઉપાસક બની ગયા છે. ભગવાન ન રહ્યા અને નામ માત્ર રહ્યું અને એ નામ અનેક હોવાને કારણે માણસો જુદા જુદા નામ ધરાવતાઈશ્વરના નામે વહેંચાઈ ગયા, લડવા લાગ્યા. ફાધર વાલેસ 'શબ્દલોક' નામના પુસ્તકમાં નોંધે છે કે, 'ઈસુએ તો ચેતવણી આપી હતી : ''પોતે ભગવાનની સેવા કરી રહ્યા છે એમ માનીને જ લોકો તમને મારી નાખશે.' (યોહાન-૧૬-૨) અભાગી ભવિષ્યવાણી સાચી પડી. આજે યુરોપમાં ખ્રિસ્તીઓની વચ્ચે, મધ્યપૂર્વમાં મુસ્લિમોની વચ્ચે, અને ભારતમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ઘાતક સંઘર્ષો થાય છે.

ઈશ્વર તો એક જ છે. ભગવાન, ખુદા, ગોડ, એક જ પરમ તત્ત્વનાં જુદા જુદા નામો છે અને બધા મળીને એ પરમ તત્ત્વની જુદી જુદી ઝલક પ્રગટ કરતાં જાય. પરંતુ અહીં તત્ત્વ કરતાં શબ્દ વધારે મહત્ત્વનો બને. વસ્તુ કરતાં એનું નામ વધારે કિંમતી લાગે. અને એ નામ હવે એ પરમ તત્ત્વનું નહીં પરંતુ એક પ્રજા, એક સંસ્કૃતિ, એક મોરચાનું બની જાય. એક શહેરમાં પોલીસ અધિકારીને પ્રામાણિક રીતે છતાં સમાઈથી કામ કરતો જોઈને તેની સામે દેખાવો અને બદલીનાં દબાણો થતાં આપણે જોયાં નથી ? લોકોનાં દબાણોને જ આપણે છેવટની સત્તા ગણીશું ? તો બેસી રહે અને તેને એવાં કામો કરવાનો હુકમ કર્યા કરે જે સમગ્ર રીતે રાજય કે રાષ્ટ્રના હિતમાં ના પણ હોય? અમુક જિલ્લાના લોકો તેના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એવું જ કહેશે કે, તમે આ જિલ્લામાં જ નર્મદાનાં પાણી આવે તેવો બંદોબસ્ત કરો નહિતર ખસી જાવ. આવું ના થઈ શકે તેમ પ્રતિનિધિ કહેશે, તો ઉશ્કેરાયેલા લોકો તેને 'ભ્રષ્ટાચાર' કે ગમે તે લેબલ આપશે. ભૂપત વડોદરિયા લખે છે કે, 'રાજા કંઈ ખોટું કરે જ નહીં, તે માન્યતા જૂનવાણી અને જુઠ્ઠી છે; અને લોકશાહીમાં લોકો પણ કંઈ ભૂલ કરે જ નહીં તેવો ખ્યાલ પણ ખોટો છે.'

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

સન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડામણ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયુબખાન રશિયાના તાસ્કંદ શહેરમાં મળ્યા, અને દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા શાંતિ કરાર ઉપર સહી કરીને જંપ્યા. એક યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો, અને વિશેષ તો જાગ્રત, સૌમ્ય, સ્થિર, નમ્ર, ગૌરવવંતા અને શાંતિપ્રિય શાસ્ત્રીજીના હૃદયમાં. છેલ્લી રાતની એ છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા રહ્યા અને હાથ મિલાવવા લાંબા કર્યા ત્યારે શાસ્ત્રીજીએ સહજ સ્ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા એમણે પાકિસ્તાનના પ્રમુખ સામે જોવું, એમનો હાથ પોતાના હાથમાં લીધો, સ્મિત કર્યું અને કૂણા ભાવથી દુવાના શબ્દો ઉચ્ચાર્યાઃ 'ખુદા હાફિઝ.' મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો તરત ઓળખી ગયા અને કદર સાથે, આનંદ સાથે, શ્રદ્ધા સાથે પુણ્ય શબ્દોના અરીસાનો પડઘો પાડીને સહજ વાક્ય બોલ્યા : 'હાફિઝ ખુદા.' યુદ્ધમાં તેઓ અણનમ રહ્યા હતા. શાંતિ-સુલેહ માટે ઈંતેજાર રહ્યા હતા, અને અલવિદાના સૌમ્ય હૂંફાળા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ પણ બન્યા હતા. એમના હોઠ પર 'ખુદા' એ શાંતિ અને પ્રેમની સંજ્ઞાવાળો શબ્દ બન્યો. આપણે સૌ પણ એવા બની શકીએ એ જ અભ્યર્થના.

- nehalgadhavi101@gmail.com

શહેરી વિસ્તારમાં પશુ રાખવા લાયસન્સ-પરમિટ ફરજીયાત થશે

એક જ માલિકના પશુ ત્રણ વખત પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત

રખડતા ઢોરનાં કારણે રાજયમાં રોડ અકસ્માતમાં ઘણાં બધા નિર્દોષ લોકોનાં મોત થાય છે. તેથી શહેરી વિસ્તારમાં રોડ ઉપર રખડતાં ઢોર ઉપર પ્રતિબંધ લાદવા કાયદો વિધાનસભામાં પસાર થવા જઈ રહ્યો છે. હવેથી નવા કાયદા મુજબ શહેરી વિસ્તારમાં પશુપાલકે ઢોર રાખવા માટે લાયસન્સ-પરમિટ મેળવવું ફરજીયાત બનશે. રખડતા ઢોર પકડતા તંત્રનાં સ્ટાફ ઉપર પણ હુમલા પશુપાલકો દ્વારા વધતા જાય છે. તેને નાથવા માટે પણ કાયદામાં કડક જોગવાઈ લાવવામાં આવશે.

તાજેતરમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં અમદાવાદ શહેરમાં ઢોર ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે પોલિસી ૨૦૨૩નો ડ્રાફ્ટ મંજુર કરવામાં આવ્યો છે. પોલિસી અનુસાર હવે શહેરમા પશુ રાખવા માટે લાઈસન્સ-પરમિટ ફરજીયાત કરી દેવામાં આવ્યા છે. જે વ્યક્તિ પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખશે તેણે પરમિટ લેવાની રહેશે. જ્યારે પશુનાં દૂધનો અથવા અન્ય રીતે વ્યવસાયિક ઉપયોગ કરતા હશે તેમણે લાઈસન્સની ફી રૂા. ૫૦૦ અને પરમિટની ફી રૂા. ૨૫૦ રાખવામાં આવી છે. દરેક પશુપાલકે પશુ દીઠ રૂા. ૨૦૦ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. શહેરમાં પશુ રાખવા માટે જમીન હોવી અનિવાર્યે કરવામાં આવી છે. જો જગ્યા ન હોય તો તેમણે ૨ માસમાં પશુઓને શહેરની બહાર અન્યત્ર જગ્યાએ ખસેડી લેવાના રહેશે.

કોર્પોરેશન દ્વારા જી.પી.એમ.સી. એક્ટ સહિત અન્ય કાયદાઓ અંતર્ગત અમદાવાદ શહેરમાં ઢોર ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે પોલીસી ૨૦૨૩ નો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. કોર્પોરેશનની ગુરૂવારે મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આ ડ્રાફ્ટ પર ચર્ચા કરવામાં આવ્યા બાદ મંજૂર કરવામાં આવ્યો છે. સૂચિત નવી પોલીસી પર નજર કરીએ તો, જે પશુનાં માલિક વ્યક્તિગત રીતે પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખે તેણે પરમિટ લેવાની રહેશે, જયારે જે પશુનાં માલિક પશુઓ રાખી દૂધનાં વેચાણમાં અથવા પશુનો અન્ય રીતે વ્યવસાયિક ઉપયોગ કરતા હશે તેઓએ લાઈસન્સ લેવાનું રહેશે. પરમિટ-લાઈસન્સનો સમયગાળો પોલિસી અમલમાં આવ્યાથી ૩ વર્ષ માટેનો રહેશે. ૩ વર્ષ માટેની લાઈસન્સ ફી ની રકમ રૂા. ૫૦૦ અને પરમિટ ફીની રકમ રૂા. ૨૫૦ ભરવાની રહેશે.

મુદ્દત પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા લાઈસન્સ – પરમિટ રિન્યુ કરાવવાની રહેશે. રિન્યુ માટે પણ લાઈસન્સની રૂા. ૫૦૦ અને પરમિટની રૂા.૨૫૦ ફી રાખવામાં આવી છે. મુદ્દત પૂર્ણ થયા બાદ રૂા. ૧૦૦ પ્રતિ માસ લેટ ફી તરીકે ભરવાનાં રહેશે. દરેક પશુપાલકે પશુ દીઠ રૂા. ૨૦૦ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. પાંજરાપોળ-ગૌશાળા જેવી સંસ્થાઓ કે જે પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ હેઠળ રજીસ્ટર થયેલી હોય અથવા આ પ્રકારની સરકારી સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેમણે લાઈસન્સ મેળવવાનું રહેશે, તેમજ આવી સંસ્થાઓને લાઈસન્સ્ ફી – પરમિટ ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

શહેરમાં જગ્યા ધરાવતા પશુનાં માલિકોએ નવા ઢોર લાવ્યા બાદ એક માસમાં પશુ નોંધણી કરાવી આર.એફ.આઈ.ડી. ચીપ અને ટેગ લગાડવાની તેમજ પરમિટ-લાઈસન્સ્ મેળવાવની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. શહેરમાં રહેલા દરેક પશુને આર.એફ.આઈ.ડી. ચીપ અને ટેગ લગાડવાનું રહેશે. પશુઓને આર.એફ.આઈ.ડી. અને ટેગ લગાવવાની બાકી કામગીરી મહત્તમ ૨ માસમાં પશુદીઠ રૂા. ૨૦૦ આપી કરાવવાની રહેશે. ૨ માસ બાદ રૂા. ૧ હજાર પશુદીઠ ચાર્જ વસૂલ કરાશે. ઉપરાંત પોલિસી અમલમાં મૂકયા તારીખથી ૪ માસ પછી પશુને આર.એફ.આઈ.ડી. ચીપ અને ટેગ લગાવવાની બાકી હશે તો તેને પકડી ઢોર ડબ્બે પુરાશે. આવા ઢોરને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહી આવે અને પશુઓને શહેર બહાર મોકલી દેવાશે.

કોઈ કારણોસર ટેગ તૂટી ગયો હોય કે તોડી નાંખવામાં આવ્યો હોય તો રૂા. ૫૦૦ ચાર્જ લઈને ફરીથી ટેગ લગાડી દંડ, ખોરાકી ચાર્જ અને વહીવટી ચાર્જ વસૂલ કરી પશુ છોડાશે. જયારે જગ્યા ન ધરાવતા પશુનાં માલિકોએ મહત્તમ ૨ માસમાં સ્વખર્ચે પશુને શહેરી હદથી દૂર ખસેડી લેવાનાં રહેશે. શહેરમાં ઘાસ વેચાણ માટે લાઈસન્સ-પરવાનગી મેળવવાની રહેશે, તેમજ ઘાસ કયાંથી લાવ્યા, કોને વેચ્યું તે તમામ બાબતોને લગતા રજીસ્ટર્ડ નિભાવવાનાં રહેશે.

શહેરમાં પકડાયેલા પશુઓને છોડાવવા માટે દંડની રકમ પણ પોલિસીમાં નક્કી કરવામાં આવી છે. જેમાં ગાય, ભેંસ અને બળદને છોડાવવા માટે રૂા. ૩ હજાર દંડ, એક દિવસનો ખોરાકી ચાર્જ રૂા. ૫૦૦ તથા એક દિવસનાં વહીવટી ચાર્જ રૂા. ૩૦૦ નક્કી કરાયા છે. જયારે પાડા-પાડી માટે દંડ રૂા. ૨ હજાર, ખોરાકી ચાર્જ રૂા. ૩૦૦ અને વહીવટી ચાર્જ રૂા. ૩૦૦ નકકી કરાયા છે. ધાવતા વાછરડા-વાછરડી તથા પાડા-પાડી માટે રૂા. ૧ હજાર દંડ, રૂા. ૩૦૦ ખોરાકી ચાર્જ અને રૂા. ૩૦૦ વહીવટી ચાર્જ નક્કી કરાયો છે.

રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુનાં માલિકની રહેશે. પોલિસીમાં એવું પણ નક્કી કરાયું છે કે, રખડતા પશુને કારણે નાગરિક-રાખદારીને જાન-માલનું નુકશાન થાય તો તે અંગે સિવિલ-ફોજદારી રાહે માલિક સામે પગલાં લઈ તેની પાસેથી વળતર-વસુલાત-નૂકશાની દાવા જેવી કાર્યવાહી કરી શકાશે.

પોલિસીમાં ઢોર પકડાય તો તેને દંડ લઈને છોડવાની જોગવાઈ કરાઈ છે, પરંતુ જો બીજી વખત ઢોર પકડાય તો દોઢ ગણો, ત્રીજી વખત પકડાય તો દંડ બે ગણો વસૂલ કરાશે, પરંતુ ત્રણ કે તેથી વધુ વખત એક જ માલિકના ઢોર પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત કરાશે અને ઢોર પરત અપાશે નહી. ઉપરાંત પશુનાં માલિકનું લાઈસન્સ-પરમિટ રદ કરાશે અને તે પશુ રાખી શકાશે નહી.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોર્પોરેશન દ્વારા જપ્ત કરવામાં આવેલા તેમજ નહી છોડાવાયેલા ઢોર અંગેની કાર્યપધ્ધતિ પણ નક્કી કરાઈ છે. જેમાં દૂધારા પશુઓને હરાજી મારફતે અમદાવાદ શહેરની બહાર મોકલવમાં આવશે. જાહેર હરાજી અંગે બેઝ પ્રાઈઝ નક્કી કરવા માટે કમિટીની રચના કરાશે. ઉપરાંત શહેરની હદથી ૫૦ કિ.મી. દૂરનાં ખેડુતોને વિના મૂલ્યે વાછરડા-બળદ વગેરે પશુઓ તેઓનાં સ્વખર્ચે પરિવહન કરી સોંપવામાં આવશે. પાંજરાપોળ જેવી સંસ્થાઓને પણ ઢોર આપવાનું આયોજન છે.

લાયસન્સ વગર ઢોર મળી આવશે તો ઢોરનો માલિક ઢોરનો દાવો એટલે કે ઢોર પોતાનું હોવાનો દાવો કરે અને આવા ઢોરને ટેગ નહી લગાવેલ હોય તો ઢોર માલિકને દંડ ચુકવવો પડશે તથા પંદર દિવસમાં આવા ઢોરને ટેગ નહિ લગાડવામાં આવે તો ઢોર તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવશે અને ઢોરનાં માલિકને એક વર્ષની કેદ અથવા ઢોર દિઠ દસ હજારથી વીસ હજાર સુધીનો દંડ તથા ઢોરનું લાયસન્સ મેળવેલ હોય તો લાયસન્સ રદ કરવામાં આવશે અને ઢોર તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવશે.

શહેર વિસ્તારમાં રોડ ઉપર ગાયો ઉભી રાખી ઘાસચારાનું વેચાણ કરી આવું નિરણ ગાયોને નાખવામાં સખાવતી પ્રવૃત્તિ ઢોર માલિકો દ્વારા જ કરવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવતા શહેરી વિસ્તારમાં આવી પ્રવૃત્તિ રોડ ઉપર કરી શકાશે નહી. ગોચર જમીન ઉપર જ ગાયોને ઘાસચારો નિરી શકાશે.

ગોચર જમીન ઉપર જ ઘાસચારાનું વેચાણ થઈ શકશે અને જો તેનો અમલ ના થાય તો દસ હજાર થી પચાસ હજાર સુધીનો દંડની જોગવાઈ કરવામાં આવી છે અને એક મહિનાની કેદની પણ જોગવાઈ કરવામાં આવેલ છે.

ઢોર મૃત્યુ પામે તો તેને બાળવા અને દાટવા માટે પણ જગ્યા નક્કી કરી હશે ત્યાં જ દફનવિધિ કરવી પડશે. તેમના માટે અલગથી સ્મશાનગૃહ મ્યુનિસિપલ તંત્રએ બનાવવા પડશે. ગમે ત્યાં મૃતપાય ઢોરને દાટવા ઉપર પ્રતિબંધ લદાશે. શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરને પકડીને તેને રાખવા માટે અલગથી ઢોરવાડા ઉભા કરવામાં આવશે. ઢોરવાડાનાં ઢોર રખડતા પકડાશે તો તેના માલિક કે મેનેજરને પણ પચાસ હજારનો દંડ કરવામાં આવશે.

ઢોરનાં હેર-ફેર માટે પણ નિયમન લાદવામાં આવ્યા છે. સ્થાનિક સત્તામંડળની પૂર્વ મંજુરી સિવાય ઢોરને ટ્રાન્સફર કરવા ઉપર પ્રતિબંધ લદાશે. ટ્રાન્સફર માટેની પરવાનગી મેળવી તેની શરતોનું પાલન કરવાનું રહેશે. કતલખાના માટે લઈ જવાતા ઢોરને જાહેર કરાયેલા શહેરી વિસ્તારમાંથી લાવી શકાશે નહિ. ઢોરની નિયત કરાયેલા વાહનોમાં જ હેર-ફેર કરવામાં આવશ